# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર

## જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી(તલાટી કમ મંત્રી)

## ઓ.એમ.આર શીટ ડાઉનલોડ બાબતની સુચનાઓ

જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી(તલાટી કમ મંત્રી) સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તા.૦૭-૦૫-૨૦૨૩ ના રોજ બપોરે ૧૨-૩૦ થી ૧૩-૩૦ કલાક દરમ્યાન યોજાયેલ છે. ઉપરોકત પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોની ઉત્તરવહી (OMR શીટ) મંડળની વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવેલ છે. આ પરત્વે અમુક ઉમેદવારો ધ્વારા તેમની ઓ.એમ.આર શીટ ડાઉનલોડ ન થતી હોવા બાબતે ટેલીફોનીક અને લેખિત રજુઆતો મળેલ છે. જે પરત્વે નીચે મુજબની કાર્યવાહી કરવા ઉમેદવારોને સુચના આપવામાં આવે છેઃ-

(૧) અમુક ઉમેદવારો પોતાના બેઠક નંબર અને કન્ફર્મેશન નંબર લખવામાં ભુલ કરતા હોવાનું જણાયેલ છે. જેથી ઉમેદવારે કન્ફર્મેશન નંબરના કોલમમાં આઠ (૦૮) આંકડાનો પોતાનો કન્ફર્મેશન નંબર લખવો અને રોલનંબરના ખાનામાં પોતાનો નવ(૦૯) આંકડાનો રોલ નંબર યોગ્ય રીતે લખવા વિનંતી છે.

(૨) આમ કરવા છતા પણ જો કોઇ ઉમેદવારની ઓ.એમ.આર શીટ ડાઉનલોડ ન થાય તો આવા ઉમેદવારોએ તેમના કોલલેટરની સ્કેન કોપી/ફોટો કોપી ઇ-મેઇલ- tcmomr@gmail.com ઉપર પોતાની રજુઆત સાથે મોકલી આપવા ઉમેદવારોને જણાવવામાં આવે છે. જેથી તે બાબત ચકાસીને મંડળ ધ્વારા યોગ્ય રીતે કાર્યવાહી કરવામાં આવશે.

“મંડળના આદેશાનુસાર” -સહી-

તા. ૦૮-૦૫-૨૦૨૩ સચિવ